શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની

# પાઠશાળા

પુસ્તક : ૬૬-૬૭ સ્મૃતિ-અંક જુલાઈ : ૨૦૦૮
અષાઢ : વીર સં.૨૫૩૪ :વિ. સં. ૨૦૬૪

*પ્રાતઃ સ્મર્યા થકી સુપુણ્ય વધારનારા, સદ્બોધથી સકલ સંશય ટાળનારા;*
*ભવ્યોરુપી કમળને વિકસાવનારા, એવા શ્રી નેમિસૂરિરાજ ગુરુ અમારા*



## ॥ શ્રી ગુરુ સ્તુતિ કાવ્ય ॥

જય શાસન સમ્રાટ સૂરીશ્વર...જય હો જય ગુરુ નેમિસૂરીશ્વર..
સકલ સંઘને ઉદ્ધારનારા, લાખો જીવનના તારણહારા;
સકલ જીવના હિત કરનારા, શાસનના સમ્રાટ સૂરીશ્વર...જય હો..
વીતરાગ વાણી ગુણ ધારક, અનુપમ યોગ ક્રિયાના કારક;
સુવિહિત શિષ્ય મુનિગણધારક, શાસનના સમ્રાટ સૂરીશ્વર...જય હો..
નિજ-પર-સવિ સિદ્ધાંતના જાણ, તપાગચ્છ ગગને જિમ ભાણ;
બ્રહ્મતેજના પુંજ વખાણ, શાસનના સમ્રાટ સૂરીશ્વર...જય હો..
કલિકાલે જિન ધર્મ પ્રભાવક, કદંબગિરિ તીરથના ઉદ્ધારક;
ભવિજન દુઃખ દૂર નિવારક, શાસનના સમ્રાટ સૂરીશ્વર...જય હો..,
આઠ આચાર્ય સમર્થ શિષ્યગણ, ગુરુ સેવામાં તત્પર ક્ષણ ક્ષણ;
ગજવે શાસનનાં ગગનાંગણ, શાસનના સમ્રાટ સૂરીશ્વર...જય હો..
જનમ્યા મનહર મહુવામાંહી, સવર્ગલોક પામ્યા ત્યાંહી;
દીધા દિવાળી લીધા દિવાળી, શાસનના સમ્રાટ સૂરીશ્વર...જય હો..

# નમ્રતા એ જીવનનું અલંકરણ છે



આ વખતે આ સૂરિપદ શતાબ્દીના પુણ્ય અવસરે હૃદયમાં શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ પ્રત્યે ભાવ ના ઓઘ ઉછળે છે.

તેમના જીવનમાં સત્ત્વ-ઓજનો પ્રભાવ હતો તેમ નમ્રતા નામનો ગુણ પણ ખીલેલો હતો.

તેનાં ઘણાં ઘણાં પ્રસંગો છે પણ મને એમાનાં બે પ્રસંગો બહુ હૃદયસ્પર્શી જણાયા છે.

પ્રસંગ ૧ : સમય છે વિ.સં.૧૯૭૩/૭૪નો. એ અરસામાં ફત્તેહસિંહ દિવાન - મંત્રી જેઓ તત્ત્વાર્થાભિગમ સૂત્ર ભણવા આવતાં હતા. તેમણે પૂજ્યશ્રીને વિનંતી કરી કે આપ મહારાણાની સભામાં પધારો. પૂજ્યશ્રીએ કહ્યું : ‘મહારાણાએ આશીર્વાદ લેવા હોય તો અહીં પધારે.’ મંત્રીએ આગ્રહ કર્યો કે શ્રી હેમચન્દ્રાચાર્ય મહારાજ અને શ્રી હીરવિજયસૂરિ મહારાજ તો રાજ્યસભામાં પધાર્યા હતા. ત્યારે સૂરિજીએ કહ્યું કે હું તેમના પગની રજ પણ નથી.

પ્રસંગ ૨ : તીર્થરક્ષાને માટે મનસુખભાઈ ભગુભાઈએ કહ્યું કે આપ રાજકોટ કેટલાં દિવસમાં પધારી શકો ? પૂજ્યશ્રીએ કહ્યું કે પંદર દિવસે.

શેઠે હાથ જોડી વિનંતી કરી : ‘પૂર્વના મહાપુરુષોએ આવા પ્રસંગે ડોળી કે પાલખી વગેરેનો ઉપયોગ કર્યાનું સંભળાય છે તો આપ આમ આ ન કરો ?’

ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : ‘હું પૂર્વના મહાપુરુષની કોટિનો નથી કે જેથી હું તેઓનું અનુકરણ કરું.’

આ બે પ્રસંગોએ પૂજ્યશ્રીના મુખમાંથી જે શબ્દો નીકળ્યાં તેમાંથી ભારોભાર નમ્રતાનું દર્શન થાય છે. આવા કડક આત્મ નિરીક્ષણમાંથી નીપજેલી નમ્રતા આપણને મળો એવું તેઓશ્રીના ચરણમાં ભાવ અને બહુમાનપૂર્વક પ્રણામ કરીને પ્રાર્થના કરીએ.

– પ્રદ્યુમ્નસૂરિ

# કેટલાક પ્રસંગો



## પ્રસંગોમાંથી વિશેષતા મહેકે છે

### ૧

વિ.સં.૧૯૯૦ના ઐતિહાસિક મુનિ સંમેલનની વાત છે.

ફાગણ વદિ ત્રીજથી શરૂ થયેલું આ સંમેલન અમદાવાદમાં નગરશેઠના વંડામાં બેસતું હતું. લાગલાગટ તેત્રીસ દિવસ સુધી એટલે કે ચૈત્ર વદિ ૬ સુધી આ સંમેલન ચાલ્યું.

આ દિવસો દરમિયાન એક દિવસે સાધુઓ કંટાળ્યા હતા તેથી શાસ્ત્રની વાતોનો પુનર્વિચાર કરવાની વાત ચાલી. ત્યારે કાશીવાળા શ્રી ધર્મસૂરિ મહારાજના વિદ્યાવિજય જીવતા; તેઓશ્રી બોલ્યા કે આ થોથાંને બાજુએ મૂકો.

પ્રતિપક્ષ પાસેથી તરત જ આવી વાતનો પ્રતિકાર થયો : આપણાં પવિત્ર શાસ્ત્રોને થોથાં કેમ કહેવાય ?

એ સમયે સામેવાળાને શું લાગશે તેની પરવા કર્યા વિના પૂજ્યશ્રી બોલ્યા કે, ‘અલ્યા વિદ્યાવિજય ! તું મારો ભત્રીજો થાય. તને કે મને ભગવાન મહાવીર સ્વામી કહેવા ન’તા આવ્યા કે તું દીક્ષા લે ! જે દિવસે આ શાસ્ત્ર ઉપર શ્રદ્ધા ન રહે તે દિવસે તેના નામે રોટલા ચરી ખાવાનો અધિકાર તને કે મને રહેતો નથી.’

આવી નિર્ભીક અને સ્પષ્ટ વાણી પૂજ્યશ્રી વદ્યા !

હું જાણું છું ત્યાં સુધી, આચાર્ય શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજ એ શ્રીપૂજ્યોની પરંપરામાં છેલ્લાં.

એ પૂજ્યજી, પૂજ્યશ્રીને વિ.સં.૧૯૭૨નું ચોમાસુ સાદડી(રાજસ્થાન)માં પૂર્ણ કરીને શેષકાળ દરમિયાન, ઉદયપુરમાં તપાગચ્છના શ્રી શીતલનાથ ભગવાનનાં મંદિર પાસેના ઉપાશ્રયમાં મળ્યા; ખૂબ જ સદ્ભાવથી મળ્યા હળ્યા.

પૂજ્યશ્રી ક્યારે પણ યતિ પરંપરાના શ્રીપૂજ્યોને આદરથી જ જોતાં. સંવાદાત્મક અને સમન્વયાત્મક દષ્ટિકોણ ધરાવતા હતા.

પછી શ્રીપૂજ્યજી કહે કે મારે રાજસભામાં જવાનું છે અને ઉદયપુરના મહારાણાને આશીર્વાદ રૂપે એક શ્લોક બોલી સંભળાવવા ઈચ્છા થઈ છે. એવો કોઈ શ્લોક હોય તો મને આપો.

આપણા પૂજ્યશ્રીએ પ્યજ્ય ઉદયવિજયજી મહારાજને કહ્યું. તેમણે એક સુંદર શ્લોક રચી આપ્યો અને તેનો અર્થ પણ હિંદીમાં લખી આપ્યો. પૂજ્યશ્રીએ એક વખત બોલી બતાવ્યો પણ ખરો !

શ્રીપૂજ્યજી રાજસભામાં ગયા અને મહારાણા પાસે આ શ્લોક રજુ કર્યો, વાહવાહ મળી અને પછી તે શ્લોકનો અર્થ પણ કહ્યો. આખી સભા અને મહારાણા પણ આવો સુંદર શ્લોક સાંભળી ખુશ થયા. મહારાણાએ કહ્યું : તમે તો રાજસભામાં રોજ પધારો છો પણ આવો શ્લોક પહેલી જ વાર બોલ્યા !

શ્રીપૂજ્યજીએ કહ્યું :

गुजरात से नेम विजयजी आया है

उसका चेलाने यह श्लोक लिख दिया है।

બે દિવસ પછી પૂજ્યશ્રીએ મોકો શોધીને શ્રીપૂજ્યજીને કહ્યું કે હું અમદાવાદ જાઉં છું ત્યાંથી પાંચ-દશ આગેવાનોને મોકલું છું. આપને આ છડી-છત્ર-ચામર બધું છોડીને આવવું પડશે. પૂજ્યશ્રીએ આ શ્રીપૂજ્યનું ચિત્ત એવું આવર્જિત કર્યું કે તેમણે 'હા' પાડી. પૂજ્યશ્રી કહે : 'તમે અમારા આચાર્ય મહારાજ. આપ જે રીતે આજ્ઞા કરશો તે પ્રમાણે અમે વર્તીશું.'

કાળને મંજૂર નહીં હોય. શ્રીપૂજ્યજી આચાર્ય મહારાજે રાજનગર ભણી વિહાર કર્યો અને ખુડાલામાં તેઓ કાળધર્મ પામ્યા. હાહાકાર મચ્યો. ૪૦ આસપાસની વય નાની હતી.

પૂજ્યશ્રી અમદાવાદ પહોંચીને આગેવાનોને સમજાવી મોકલે ત્યાં તો આ ગમખ્વાર બીના બની.

આમ એ સ્વપ્ન અધૂરુ રહ્યું. પછી પૂજ્યશ્રીએ ડેલાને પરંપરામાં વાહક ગણ્યા અને તેઓને અનુસરવાનું નક્કી કર્યું.

# ૩

વિ.સં.૧૯૮૧નું ચોમાસુ ચાણસ્મામાં.

પૂજ્યશ્રી વિરાજમાન હતા એવામાં એક વેળા પૂજ્યશ્રીને અણઉતાર તાવ આવ્યો.

આયુર્વેદની દવાઓ ચાલુ થઈ. આ પદ્ધતિમાં તો લાંઘણ કરવાની હોય. અરધું બળેલું પાણી આપે.

પૂજ્યશ્રીને ખૂબ અશક્તિ આવી ગઈ. શરીર જાણે નાનું બની ગયું ! અમદાવાદથી પ્રતાપશી મોહનલાલ, ચમનલાલ લાલભાઈ વગેરે સાતા પૂછવા આવેલાં હતા.

પૂજ્ય મહારાજ સાહેબની શારીરિક સ્થિતિ જોઈને પૂજ્ય ઉદયસૂરિ મહારાજ તથા પૂજ્ય નંદનસૂરિ મહારાજ પાસે બેઠાં, સામાન્ય અને ઔપચારિક કુશળવાર્તા થઈ. પછી નંદનસૂરિ મહારાજે પૂછ્યું : પેઢીના બીજા શું સમાચાર છે ?

ચમનભાઈ કહે કે તારંગાના ઠાકોર કહે છે કે આ જગ્યા મારી છે. દિવસે આપણે લગાવેલા ખૂંટા રાત્રે તેના માણસો પાસે કઢાવી લે છે.

પૂજ્યશ્રી આ બધું સાંભળતા હતા. અશક્તિ એટલી બધી હતી કે બોલી શકાય તેવું ન હતું. છતાં અધૂકડાં બેઠાં થઈ ગયા અને બોલ્યા : ‘કોની તાકાત છે ? તીર્થને આંગળી અડાડી તો જુએ.’ આટલું માંડ બોલાયું. હાંફી ગયા. થાકી ગયા.

આવો તીર્થ પ્રેમ હતો.



# ૪  વ્યવહાર કુશળ સૂરિવર શ્રી

સેરીસા તીર્થ પાસે વામજ નામનું ગામ.

ત્યાં જમીનનું ખોદકામ કરતાં શ્રી ઋષભદેવ ભગવાન પ્રગટ થયા. જોતાં જ મન ઠરે તેવું અદ્‌ભુત જિનબિંબ ! 'જિણ દીઠે પ્રભુ સાંભરે' એ પંક્તિ અનુસાર બિંબ.

ગામમાં અર્હત્‌ના કઈ ઉપાસક નહીં.

પૂજ્યશ્રીના મનમાં એવું આવ્યું કે અહીં વામજમાં કોના ભરોસે જિનાલય કરવું ? એના કરતાં તે પ્રભુજીને અહીં સેરીસામાં જ પધરાવીએ.

તે પ્રભુજીને લેવા માટે પોતે સમુદાય સાથે વામજ પધારતાં હતા.

સેરીસાથી વામજ ખાસ દૂર ન કહેવાય. માંડ ત્રણ-ચાર માઈલ થાય. કેનાલના રસ્તેથી તો સાત કિલો મીટર થાય.

રસ્તામાં જ પૂજ્યશ્રીને સમાચાર મળ્યા કે વામજ ગામવાળા લોકો તલવાર, તીર, કામઠાં લઈને લડવાના મુડમાં સામે આવી રહ્યા છે, બોલે છે : 'કોણ છે અમારા ગામમાંથી ભગવાન લઈ જનારા.'

પૂજ્યશ્રીએ આ બધું સાંભળ્યું. જેવા એ નજીક આવ્યા એટલે પૂજ્યશ્રીએ કહ્યું : 'અમે તો આ ગામમાં જિનાલયની જગ્યા નક્કી કરવા આવ્યા છીએ. કોણે કહ્યું કે અમે ભગવાન લેવા આવ્યા છીએ.'

અને પછી ગામમાં જ મનોહર ચૈત્ય બન્યું, જે આજે શોભી રહ્યું છે.



# ૫

વિ.સં.૧૯૭૬નું ચોમાસુ ઉદયપુર હતું. ચાતુર્માસ પહેલાં શેષકાળમાં પૂજ્યશ્રી ગામ બહારની ધર્મશાળામાં બિરાજમાન હતા.

પંજાબકેસરી પૂજ્ય વલ્લભસૂરિ મહારાજ ઉદયપુર પધાર્યા હતા. ઉદયપુરના દેરાસરો જુહારી લીધા પછી સાંજે વિહાર કર્યો. રસ્તામાં જ આ ધર્મશાળા હતી પૂજ્યશ્રી જ્યાં બિરાજમાન હતા. 'ચાલો, વંદના પૃચ્છા કરીને આગળ વધીશું.' એમ કહી ધર્મશાળામાં પધાર્યા.

સાથેના સાધુઓએ ભેટ બાંધી હતી અને ત્યાં મહારાજ સાહેબ પધાર્યા. 'બે પાંચ મિનિટમાં તો રજા લઈ લેવાશે' એવી ધારણા હતી.' પરંતુ વિદાય લેતાં પહેલાં શ્રી સંઘ અને શાસનનાં પ્રશ્નોની વાતો અને ચર્ચા પૂરા બે કલાક ચાલી. વિદાય વેળાએ પૂજ્ય વલ્લભસૂરિ મહારાજે ભારપૂર્વક કહ્યું કે, 'વર્તમાન સંઘે સંમેલન મેળવવું હશે તો આપે જ નેતૃત્વ લેવું પડશે, અને તો જ સંમેલન થઈ શકશે.'

*"મહાભારતના યુદ્ધમાં જેમ કૌરવોએ કૃષ્ણની સેના માગી, પણ કૃષ્ણ પોતે પાંડવોના પક્ષે જ રહ્યા. છેવટે પાંડવોની જ જીત થઈ. તેમ બીજાં ઘણાં એક પક્ષમાં થઈ જાય, પણ આચાર્યશ્રી નેમિસૂરિજી મહારાજ જે પક્ષમાં હશે, તેનો વિજય નિશ્ચિત જ છે." --પૂજ્ય વલ્લભસૂરિજીને કહેવાયેલા, મુનિ શ્રી ચારિત્રવિજયજીના આ શબ્દો, સંમેલનના અંતે સુવર્ણાક્ષર સમા સાબિત થયા, જેની સૌને ખાત્રી હતી. ઉદારદિલ અને દીર્ઘદષ્ટા એવા પૂજ્યશ્રીના મનમાં 'મામકા-પારકા'નો ભેદ પણ ન હતો.*



# ૬ કૃતજ્ઞતા - ઉપકારીના ઉપકારની સમજ

પૂજ્યશ્રીમાં રહેલી અનેકાનેક વિશેષતા પૈકીની એક વિશેષતાએ હતી કે પોતાના ઉપકારી સૂરિપદ પ્રદાતા મોટા ગુરુભાઈ પૂજ્યપાદ પંન્યાસ શ્રી ગંભીરવિજયજી મહારાજના જેટલાં શિષ્યો હતા તે બધાંની પૂરી કાળજી રાખતા.

પોતે ભલે જાવાલ જેવા કે ઉદયપુર જેવા પ્રદેશમાં ચોમાસુ હોય ત્યાંથી પણ મારવાડીના વાડે દાણાપીઠ ભાવનગરમાં વિરાજતાં મુનિશ્રી પ્રમોદ વિજયજી, મુનિશ્રી કેસર વિજયજી, મુનિશ્રી અવદાત વિજયજી વગેરે વસ્ત્ર-પાત્ર-ઉપધિની પૃચ્છા કરાવતાં અને સંભારી તે તે ચીજ વસ્તુઓ મોકલાવતાં. યાવત્ મુનિશ્રી અવદાત વિજયજીને મોટા ભગવતી સૂત્રના જોગ વહોરાવવાં, તેમની પંન્યાસ પદવી, માકુભાઈ શેઠે કાઢેલા ગિરિનાર ગિરિરાજના ૬'રી પાલિત સંઘની એક માળ જૂનાગઢ તીર્થ ઉપર હતી ત્યાં માળારોપણ સાથે મુનિશ્રીની પંન્યાસ પદવીનો ઉત્સવ કર્યો હતો.

પૂજ્યશ્રીની આ વિશેષતા હતી અને કશા ઘોંઘાટ વિનાની હતી.

*એ કાળમાં પણ આવો મોટો સંઘ કાઢવો, તેને હેમખેમ પાર પાડવો, એ ખરેખર ભગીરથ કામ હતું. પૂજ્યશ્રીના આશીર્વાદથી એ ભગીરથ કામ શેઠ માકુભાઈએ કરીને જગત્‌ને બતાવી આપ્યું કે કાળા માથાંનો માનવી સંકલ્પબળથી અને ગુરુજનોના શુભાશિષથી ધાર્યું કાર્ય કરી શકે છે. હજારો યાત્રીઓ અને સેંકડો સાધુ સાધ્વીજી સહીત, દોઢ મહિનો ચાલેલા આ સંઘના વર્ણનો એ સમયના છાપાંઓમાં સુંદર શબ્દોમાં છપાયા હતા. 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા' એ આ સંઘને કુમારપાળ મહારાજાના સંઘની સાથે સરખાવ્યો હતો.*



# ૭ દુર્ધર્ષપણું-૧

વિ.સં.૧૯૭૨/૭૩ની વાત છે.

પૂજ્યશ્રી મેવાડના ગામોમાં વિહાર કરતાં કરતાં ગઢબોલ ગામમાં પધાર્યા. ત્યાંના શ્રાવકો કહે પ્રતિમા વિષે અહીં સ્થાનકની જોડે વાદ કરનાર કોઈ મળતાં નથી. પૂજ્યશ્રીએ તૈયારી બતાવી. શ્રાવક ગામમાં તપાસ કરીને કહેવા આવ્યાં.

સાહેબ ! સંતો તો ગામમાં હાજર નથી પણ આર્યા છે.

પૂજ્યશ્રીએ કહ્યું આર્યા કે તુર્યા જે હોય તે લાવ. ત્રણેક મહાસતીજી હતા. એક વહોરવા નિમિત્તે આવીને પૂજ્યશ્રીને માત્ર જોઈ ગયા. સવારે નવ વાગ્યાનો સમય મુકરર થયેલો. સવારે સાત વાગે ગામના આગેવાનો વાત લઈને આવ્યા, એ તો બીજે ગામ વિહાર કરી ગયા.

# ૮ દુર્ધર્ષપણું-૨

તિથિ પ્રશ્ને વિવાદ થયો. લવાદીરૂપે પૂનાના ચુસ્ત બ્રાહ્મણ પી.એલ.વૈદ્યને રાખ્યા. તેઓએ ચુકાદો શેઠ કસ્તૂરભાઈ લાલભાઈને સોંપ્યો તે માન્ય ન થયો.

લાંબી શોધના અંતે પી.એલ.વૈદ્ય જાણી શક્યા કે આના અસ્વીકારના મૂળમાં શ્રીનેમિસૂરિજી છે, તેમને જાતે જઈને આ રિપોર્ટ/ચુકાદો વંચાવું.

તેથી તેઓ શોધ કરતાં અમદાવાદ મુકામે ગયા ખબર પડી કે પૂજ્યશ્રી પાલિતાણા વિરાજે છે. પાલિતાણા આવ્યા. પાલિતાણા જાણવા મળ્યું કે પૂજ્યશ્રી રોહીશાળા વિરાજે છે. ઘોડાગાડી કરીને રોહીશાળા પહોંચ્યા. નીચે એક સાધુમહારાજ કપડાંનો કાપ કાઢતાં હતા-પૂછયું "ક્યાં વિરાજે છે?" જવાબ મળ્યો કે ઉપર છે. દાદર ચઢીને ઉપર ગયા. પૂજ્યશ્રીને જોઈને ડઘાઇ ગયા. પૂજ્યશ્રીને ખ્યાલ આવી ગયો. સંસ્કૃતમાં જ શરૂઆત કરી : क्रिमर्थं आगतवान् ! (અહીં કેમ આવવું થયું? )

**केवलं भवतां दर्शनार्थमेव आगतोऽस्मि ।।**
(માત્ર આપનાં દર્શન કરવા જ આવ્યો છું.)
પૂજ્યશ્રી વદ્યા : आम् । (ભલે)
પછી તુર્ત શ્રી પી.એલ.વૈદ્ય સડસડાટ દાદર ઉતરી ગયા



પૂજ્ય શાસન સમ્રાટશ્રી વ્યાખ્યાનનાં વિષયને અનુરૂપ આવી અંગ્રેજી કવિતા ઘણી વાર બોલતાં :

*Finds tongues in trees, books in the running brooks,*
*Sermons in stones, and good in every thing.*

*ફાઈન્ડ્સ ટંગ્સ ઈન ટ્રીઝ, બુક્સ ઈન ધ રનિંગ બ્રુક્સ;*
*સેરમૅન્સ ઈન સ્ટોન્સ, ઍન્ડ ગુડ ઈન એવરી થિંગ.*

"જો તમારામાં બોધ લેવાની તીવ્ર ઈચ્છા હોય તો ડોલતાં વૃક્ષો કાંઈક બોલતાં જણાશે, દોડતાં ઝરણાંમાં પુસ્તકો દેખાશે, પથ્થરે પથ્થરમાં ધર્મબોધનો સંકેત જણાશે, જ્યાં નજર માંડો ત્યાં મંગલ તત્ત્વના દર્શન થશે. "

વિખ્યાત અંગ્રેજ કવિ શેક્સપિયરના નાટક 'એઝ યુ લાઈક ઈટ'ની મંત્રોચ્ચાર જેવી પ્રસિદ્ધ પંક્તિ.

## જય હો ! જય હો ! શાસન સમ્રાટશ્રીનો જય હો !
## સૂરિપદ પ્રદાન શતાબ્દીએ વંદના



આજે વિ.સં.૨૦૬૪ જેઠ સુદિ પાંચમ.

ઐતિહાસિક દિવસ છે. આજથી બરાબર એકસો વરસ પહેલાં પંન્યાસશ્રી નેમિવિજયજીને ભાવનગરની ધન્યધરા ઉપર પૂજ્ય ગંભીરવિજયજી મહારાજના વરદ હસ્તે સૂરિપદારૂઢ કરવામાં આવ્યા હતા. ત્યારથી શ્રીસંઘમાં સૂકાઈ ગયેલા અનેક નવાણ ફરીથી જીવતાં થયાં.

તપાગચ્છના અધિષ્ઠાયક કોઈને કોઈ ઉત્તમ આત્માના હાથમાં દોર સોંપીને ઢીલું પડી ગયેલું તંત્ર ફરી ચેતનવંતુ બનાવી દે છે.

પૂજ્યપાદ આચાર્ય મહારાજશ્રીનો જન્મ વિ.સં.૧૯૨૯માં અને પંડિત વીરવિજયજી મહારાજનો જન્મ વિ.સં.૧૮૨૯માં.

પૂજ્યપાદશ્રીએ આચાર્ય પદવી ગ્રહણ કર્યા પછી તેમનામાં શક્તિનો ધોધ ઉભરાતો હતો. તેઓશ્રી દ્વારા કેવાં કેવાં મોટા અને કપરાં કાર્યો પાર પડ્યા છે !

પછી તે વિ.સં.૧૯૯૦નું મુનિ સંમેલન હોય, વિ.સં.૧૯૯૧માં દાનવીરશ્રી મનસુખભાઈ ભગુભાઈના દીકરા માકુભાઈએ કાઢેલો શ્રીસંઘ હોય કે શ્રી કાપરડાના ચૈત્યનો જીર્ણોદ્ધાર કહો કે તીર્થોદ્ધાર. વ્યક્તિગત જીવનમાં વચનસિદ્ધિ, નિર્મળ બ્રહ્મચર્ય, નિષ્કલંક ચારિત્ર, સત્ત્વશીલતા, નમ્રતા, અખંડ પુણ્યપ્રભાવ સામ્રાજ્ય, જીવો પ્રત્યેનું વાત્સલ્ય, સ્પષ્ટ અને નિર્ભીક વચન આ બધાં ગુણોનું ગાન કરવા મન થાય છે પણ જેવી તૈયારી કરું કે મારી મર્યાદા-ટૂંકો પનો એનો એહસાસ થાય એટલે કલમ મ્યાન થઈ જાય છતાં ગાંડા-ઘેલા બે ચાર વચનોથી-પ્રસંગોથી તેઓની મહાનતા સિદ્ધ કરવાના બાલિશ પ્રયત્ન કર્યા છે.

હૈમવચન મળે છે કે ગુરુ મહારાજના ગુણોની સ્તવના તો સ્વાધ્યાય જેવી નિર્જરા કરનાર છે.

આ મહાપુરુષ ગુરુ તો છે જ પણ યુગપુરુષ છે. તેઓનો તાપ સામાન્ય વ્યક્તિથી ન જીરવી શકાય તેવો હતો. તેઓને દુર્ધર્ષપણું વરેલું હતું.

૦૦૦

અમદાવાદમાં તેઓશ્રી શેઠ જમનાભાઈ ભગુભાઈના બંગલે બિરાજમાન હતા. તેઓશ્રીનો એક સેવક નારણ સુંદર પાંજરાપોળ - રીલિફ રોડ પર ટપાલ વગેરે લેવા ગયો હતો. વળતાં તે એક કબ્રસ્તાનમાં જઈ લઘુશંકા કરવા બેઠો. કમનસીબે તેને ત્યાં કોઈક મલિન તત્ત્વ વળગ્યું.

એ જેમતેમ કરીને બંગલે પહોંચ્યો. બંગલાના ઝાંપામાંથી પૂજ્યશ્રીનું સ્થાન સ્હેજે ૧૦૦ ડગલાં જેટલું દૂર. ત્યાંથી ઝાંપેથી બંગલામાં પહેલે માળે તે કેમે કરીને આવે નહીં. પૂજ્ય મહારાજ સાહેબને સમાચાર આપ્યાં. પૂજ્યશ્રીએ કહ્યું કે ગમે તેમ કરીને તેને અહીં લઈ આવો.

છેવટે બે-ત્રણ નેપાળી ગુરખાઓએ મળી તેની ટાંગાટોળી કરીને ઉપર લઈ આવ્યાં. પૂજ્યશ્રીની નજર તેના પર પડી. તેઓશ્રી હજુ કાંઈ બોલ્યાં નથી ત્યાં પેલો કહે : 'મને એક લોટો પાણી પીવરાવો, હું ચાલ્યો જઈશ.'

પૂજ્ય મહારાજ સાહેબે પૂછ્યું : 'તમે કોણ છો ? શા માટે અહીં આવ્યા છો .'

પેલો તો જેમ પવનમાં પીપળ પાન ધ્રુજે એમ થર થર ધ્રુજવા લાગ્યો. પાણી પીવરાવ્યું અને નારણ સુંદર સ્વસ્થ થઈ ગયો. તે કહે કે હવે આવું નહીં કરું.

આ સત્ત્વ તેમનામાં હતું. આત્મવિશ્વાસથી ઝળકતો ચહેરો, અદષ્ટ તત્ત્વમાં પુણ્ય, દુર્ધર્ષપણું આ બધાના સરવાળે શ્રી સંઘમાં તેમનું સૂરિપદ સાર્થક થયું.

ત્યારે યોગોદ્વહન કરવા પૂર્વક તૈયાર થયેલા સૂરિ આ એક જ હતા.

સત્ત્વ શબ્દમાં ઘણું આવે છે !

એ સત્ત્વ સમૃદ્ધ સૂરિવરના ચરણોમાં પ્રાર્થના કરીએ.

— પ્રદ્યુમ્નસૂરિ

# વરસાદ આવ્યો !

વિ.સં.૧૯૭૩ની વાત.

રાજસ્થાનમાં શિવગંજ પાસે પાલડી ગામના વતની શ્રાવકે પાલડી ગામથી જેસલમેરનો ૬'રી પાળતો સંઘ પૂજ્યશ્રીની નિશ્રામાં આગળ વધતો હતો. વચ્ચે વાસણા ગામ આવ્યું. ગામ હજી અડધોએક કીલોમીટર દૂર હતું ત્યાં તો ગામના આઠ-દશ જણા સામેથી આવ્યા અને કહેવા લાગ્યા કે તમે આ સંઘ લઈને અમારા ગામમાં આવતા નહીં...

'અમારા નાના ગામમાં વરસે એકવાર વરસાદ માંડ બે-અઢી ઈંચ જેટલો આવે છે. તમે તો ૨૦૦ જણા એક દિવસમાં બધું પાણી ચટ કરી જાવ.' પૂજ્યશ્રીના કાને આ વાત આવી. પૂજ્યશ્રીએ કહ્યું કે, 'એમને કહો કે વરસાદ આવશે.'

અને ખરેખર એવું બન્યું. બપોરે બે વાગ્યે ક્યાંકથી કાળા વાદળ ચડી આવ્યા અને ધોધમાર વરસાદ આવ્યો ! વાસણા ગામનું તળાવ તો છલોછલ ભરાયું; અરે ! છલકાઈ ગયું. ગામલોકો તો રાજી રાજી થઈને કહેવા આવ્યા : 'રોકાઈ જાઓ !'

સંઘ તો એના કાર્યક્રમ મુજબ આગળ ચાલ્યો...

# વરસાદ ન આવ્યો !

આ વાત વિ.સં.૧૯૮૯ની છે. ચોમાસુ બોટાદમાં કરવાનું હતું.

આર્દ્રા નક્ષત્ર બેસે તે જ દિવસે બોટાદ પહોંચવું જરૂરી હતું. ફેદરાથી ખડોળ સુધીનો લાંબો વિહાર હતો. રસ્તો પણ લાંબો અને વેરાન હતો તેથી ફેદરાથી સાંજે પાંચપીપળા જવાનું રાખ્યું. ભાલ પ્રદેશના ખુલ્લા ખેતરોમાં જ મુકામ રાખ્યો હતો. ત્યાં પહોંચ્યા ત્યારે આજુબાજુના ખેડૂતો કહે કે, 'બાપજી ! અહીં તો વીંછીનો ભારે ઉપદ્રવ છે, સાચવજો.' પૂજ્યશ્રીએ તંબૂની ફરતે ધૂળની પાળી કરાવી.

સવારે આગળ ધપવા તૈયાર થયા ત્યાં ખેડૂતોએ કહ્યું, 'બાપજી ! ત્યાં બધે વરસાદ થયો છે અને ખાબોચિયા ભરાયા છે. તંબૂ અને તેની આસપાસ એક છાંટો પણ પડ્યો નથી !' ચારે બાજુ પાણીની ફરફર ચાલુ હતી અને તંબૂ કોરોકટ હતો.



## શ્રી ભોયણીમંડન શ્રી મલ્લિનાથ પ્રભુજીનું સ્તવન →→→→→

આ ચૌદ કડીના અર્થ કે તાત્પર્ય સ્વયં સ્પષ્ટ છે એટલે એનું વિશ્લેષણ લખવાની જરૂર જણાતી નથી. આ કાવ્યમાં ભોયણીમંડન શ્રી મલ્લિજિણંદ તીર્થનો ઈતિહાસ પણ સુપેરે વણી લીધો છે. પૂજ્ય શાસન સમ્રાટની પદ્ય રચનાઓ ભાગ્યેજ મળે છે તેમાં ઘરેણાં સમી આ રચના સાદી સરળ અને સુગમ છે. અગાઉ 'પાઠશાળા'ના અંકમાં આ ભોયણી તીર્થની પ્રતિષ્ઠા કરનારની વાત લખેલી છે તે પ્રસંગ મહત્ત્વનો છે. આ કાવ્ય અહીં રજુ કરીને હું તેઓશ્રીને સ્મૃતિમાં લાવું છું અને આનંદથી છલકાઉં છું.

# કાવ્ય આસ્વાદ

## શ્રી ભોયણીમંડન
## શ્રી મલ્લિનાથ પ્રભુજીનું સ્તવન



(દેશી : માતા મરુદેવીના નંદ)

માતા પ્રભાવતીના નંદ, મલ્લિનાથ મહારાજ ભોયણી ભલે બિરાજોજી
ઓગણીસે ત્રીસના (૧૯૩૦) વૈશાખે પૂનમ દિન ઉદ્યોત
કેવળ પટેલના ખેતરમાંથી પ્રગટી જાગતી જ્યોત (૧) માતા...
કુકવાવ ને ભોયણી વચ્ચે વાદ થયા તે ઠામ;
એક કહે પ્રભુને લઈ જઈએ બીજા કહે અમ ગામ. (૨) માતા...
વૃદ્ધ કહે હઠવાદ કરો નહિ પ્રભુ ઈચ્છા ત્યાં જાય;
વગર બળદને ગાડે સ્થાપ્યા પણ ત્યાં જ અચરજ થાય (૩) માતા...
કુકવાવ ભણી કર્યો ઊંટડો વળ્યો ભોયણી આપ;
વગર બળદીયે ગાડું ચાલ્યું એ પ્રભુનો પરતાપ (૪) માતા...
ભોયણીમાં અમથાના ઘરમાં પધરાવ્યા પ્રભુ તાસ;
મલ્લિનાથ ને કાઉસ્સગીયા બે સ્થાપ્યા વિધિ બહુમાન (૫) માતા...
ગામ ગામ ને ઠામ ઠામમાં પસર્યો પ્રભુ પ્રભાવ;
જાત્રા નિમિત્તે સંઘ બહુ આવે સહસ્ર રંક ને રાવ (૬) માતા...
વર્ણ અઢારે પ્રભુને માને આશ ફળે ભરપૂર;
ચમત્કાર દેખીને દુનિયા આવે આપ હજૂર (૭) માતા...
ભુવન વેદ ભક્તિ શશિ (૧૯૪૩) વરસે મહાસુદ દશમ શ્રીકાર;
નવીન ચૈત્યમાં પ્રભુ બિરાજ્યા વર્ત્યો જયજયકાર (૮) માતા...
નલિનીગુલ્મ વિમાન બનાવ્યું મનોહર ચૈત્ય વિશાળ;
મણિમય સ્તંભની રચના કીધી શિખરબંધ ઉજમાળ (૯) માતા...
શિખર પતાકા ગગને ફરકે નભથી કરે વિવાદ;
શૃંગ જેવું જિનમંદિરમાં ચડી, ઊતર્યો તારો નાદ (૧૦) માતા...
કળિયુગમાં એ સાચો સાહિબ દીન દુઃખ ભંજન દેવ;
પરચા પૂરે ચિંતા ચૂરે, પ્રગટ્યા પ્રભુ સ્વયમેવ (૧૧) માતા...
વરસે વરસ વરસગાંઠ દિન મેદની ભલી ભરાય;
શેઠજી મનસુખભાઈ તરફથી સ્વામીવાત્સલ થાય (૧૨) માતા...
ધ્યાન પ્રભુનું જે ધરશે તે તરશે સંસાર;
આધિ વ્યાધિ ને જશે ઊપાધિ થશે સમાધિ સાર (૧૩) માતા...
યુગ્મ ખંડ વ્યક્તિ શશિ (૧૯૬૨) વરસે માઘ દશમ રવિવાર;
વરસગાંઠ દિન સ્તવ્યો પ્રભુજી વૃદ્ધિ નેમિ અણગાર (૧૪) માતા...

# પૂજ્યશ્રીના ચાતુર્માસની નોંધ

૧. ૧૯૪૫ : ભાવનગર
૨. ૧૯૪૬ : ભાવનગર
૩. ૧૯૪૭ : ભાવનગર
૪. ૧૯૪૮ : ભાવનગર
૫. ૧૯૪૯ : પાલિતાણા
૬. ૧૯૫૦ : જામનગર
૭. ૧૯૫૧ : મહુવા
૮. ૧૯૫૨ : વઢવાણશહેર
૯. ૧૯૫૩ : અમદાવાદ
૧૦. ૧૯૫૪ : ખંભાત
૧૧. ૧૯૫૫ : ખંભાત
૧૨. ૧૯૫૬ : અમદાવાદ
૧૩. ૧૯૫૭ : અમદાવાદ
૧૪. ૧૯૫૮ : અમદાવાદ
૧૫. ૧૯૫૯ : ભાવનગર
૧૬. ૧૯૬૦ : અમદાવાદ
૧૭. ૧૯૬૧ : અમદાવાદ
૧૮. ૧૯૬૨ : ખંભાત
૧૯. ૧૯૬૩ : ખંભાત
૨૦. ૧૯૬૪ : ભાવનગર
૨૧. ૧૯૬૫ : મહુવા
૨૨. ૧૯૬૬ : બોટાદ
૨૩. ૧૯૬૭ : અમદાવાદ
૨૪. ૧૯૬૮ : અમદાવાદ
૨૫. ૧૯૬૯ : કપડવંજ
૨૬. ૧૯૭૦ : અમદાવાદ
૨૭. ૧૯૭૧ : જાવાલ : રાજ
૨૮. ૧૯૭૨ : સાદડી : રાજ
૨૯. ૧૯૭૩ : ફલોધી : રાજ
૩૦. ૧૯૭૪ : પાલી : રાજ
૩૧. ૧૯૭૫ : અમદાવાદ
૩૨. ૧૯૭૬ : ઉદયપુર : રાજ
૩૩. ૧૯૭૭ : અમદાવાદ
૩૪. ૧૯૭૮ : ખંભાત
૩૫. ૧૯૭૯ : અમદાવાદ
૩૬. ૧૯૮૦ : અમદાવાદ
૩૭. ૧૯૮૧ : ચાણસ્મા
૩૮. ૧૯૮૨ : પાટણ
૩૯. ૧૯૮૩ : અમદાવાદ
૪૦. ૧૯૮૪ : ખંભાત
૪૧. ૧૯૮૫ : મહુવા
૪૨. ૧૯૮૬ : અમદાવાદ
૪૩. ૧૯૮૭ : અમદાવાદ
૪૪. ૧૯૮૮ : બોટાદ
૪૫. ૧૯૮૯ : ભાવનગર
૪૬. ૧૯૯૦ : જાવાલ : રાજ
૪૭. ૧૯૯૧ : મહુવા
૪૮. ૧૯૯૨ : અમદાવાદ
૪૯. ૧૯૯૩ : જામનગર
૫૦. ૧૯૯૪ : ભાવનગર
૫૧. ૧૯૯૫ : પાલિતાણા
૫૨. ૧૯૯૬ : વળા
૫૩. ૧૯૯૭ : ભાવનગર
૫૪. ૧૯૯૮ : બોટાદ
૫૫. ૧૯૯૯ : મહુવા
૫૬. ૨૦૦૦ : ખંભાત
૫૭. ૨૦૦૧ : અમદાવાદ
૫૮. ૨૦૦૨ : અમદાવાદ
૫૯. ૨૦૦૩ : સાબરમતી
૬૦. ૨૦૦૪ : વઢવાણકેંપ
૬૧. ૨૦૦૫ : મહુવા

નિશાન કરેલાં ચાતુર્માસ-વર્ષોમાં બનેલાં ખાસ પ્રસંગો વિષે આ અંકમાં લેખ સ્વરૂપે વાંચવા મળે છે.




# સુભાષિતમ્

અર્પી જીવન વિશ્વને કૃત ગતિ જે એતદર્થે કરે,
ઈચ્છા માત્રથી અંતરાય સઘળાં તે વીર કાં ના તરે;
ને જે અન્ય બળે અશક્ત વિષયે મિથ્યા પ્રવૃત્તિ કરે,
તેને વિઘ્ન સદૈવ સંમુખ રહી ઊભાં હસે અંતરે.

શાર્દૂલવિક્રીડિત છંદમાં કવિ દામોદરદાસ ખુશાલદાસ બોટાદકર દ્વારા રચાયેલાં આ કાવ્યનું જ્યારે જ્યારે ગુંજન કર્યું છે ત્યારે ત્યારે પૂજ્યપાદ શાસન સમ્રાટશ્રીનું સ્મરણ થયું છે. સત્ત્વ, પુણ્ય, બાહોશી અને દૂરંદેશી --આ બધાં ગુણોનું દર્શન એક જ વ્યક્તિમાં થાય તે આ કાળમાં દુર્લભ છે.

આ પંક્તિઓનું અર્થઘટન કરવા જતાં કાવ્યનું હીર હણાવાનો વહેમ રહે છે ! ફરી ફરી વાંચવાથી અને માણવાથી કાવ્યનો અર્થ અને મર્મ સમજાઈ જશે.

અહીં થોડાંક શબ્દોમાં એ માણીએ :



વિશ્વને માટે જેનું જીવન છે તે વીર ઈચ્છા માત્રથી વિઘ્ન-અંતરાયને તરી જાય છે. અને જે માત્ર સ્વાર્થ માટે જ અશક્ત બાબતમાં અને અન્યના બળે પ્રયત્ન કરે છે તેને ડગલે ને પગલે વિઘ્ન આવતાં જ રહે છે.



— પ્રદ્યુમ્નસૂરિ

**વર્ષ ૧૧ : અંક ૫-૬ : *'પાઠશાળા'*** દ્વિમાસિક **(ત્રણ વર્ષના રૂ. ૩૦૦/-)** વધુ જાણકારી માટે નીચેના સ્થળોએ પણ સંપર્ક કરવો.
સંદીપભાઈ શાહ, ૪૦૨-જય એપાર્ટમેન્ટ;૨૯-વસંતકુંજ સોસાયટી;શારદા મંદિર રોડ; પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭ ફોનઃ ૨૬૬૩૪૦૩૭
જિતુભાઈ કાપડિયા, અજંતા પ્રિન્ટર્સ, સત્તર તાલુકા સો., ૧૨, લાભ કૉમ્પ્લેક્ષ, પોસ્ટ : નવજીવન, અમદાવાદ - ૩૮૦૦૧૪
ચિમનભાઈ દોશી, કાનમુર હાઉસ, ૨૮૧/૮૭, નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર - મુંબઈ - ફોનઃ ૨૫૦૬૫૯૯૮
વિજય દોશી, સી-૬૦૨, દત્તાણી નગર, બિલ્ડીંગ નં.૩, વિવેકાનંદ માર્ગ, બોરીવલી(પશ્ચિમ),મુંબઈ-૯૨ - ફોનઃ ૯૩૨૦૪ ૭૫૨૨૨
શરદભાઈ શાહ, વી.ટી. ઍપાર્ટમેન્ટ, કાળા નાળા, ભાવનગર - ૩૬૪ ૦૦૧ ફોનઃ ૨૪૨૬૭૯૭
પ્રદીપભાઈ શાહ ૧૪, સરોજ એપાર્ટમેન્ટ, ૭૯, દહાણુકરવાડી, કાંદીવલી(પશ્ચિમ), મુંબઈ-૬૭ - ફોનઃ૨૯૬૭૨૫૨૦
મુકુન્દભાઈ શાહ ૫૦૫/૫૦૬, 'બી' વીંગ, કૈલાસ, શ્રેયસ સિનેમા સામે, એલબીએસ માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ-૮૬
ફોનઃ ૨૫૦૦૮૦૯૬, ૨૫૦૦૫૯૪૯, ૯૩૨૪૦૬૫૬૨૧
(અંક ન મળ્યાની જાણ અમને અહીં સુરતના સરનામે કરવાથી ખૂટતાં અંક અવશ્ય મોકલી અપાશે.)
**email : ramesh_pathshala@yahoo.com**
**'પાઠશાળા'ના અંકો એક સાથે ઈન્ટરનેટ rameshshah.wordpress.com પરથી વાંચવા તથા પ્રિન્ટ કાઢવા મેળવી શકાશે; અત્યારે અંક ૩૮ થી અંક ૬૫ સુધીના ઉપલબ્ધ છે.**

# ડૉક્ટર કેવા સારા છે !

વિ.સં.૨૦૦૫નાં આસો વદિ ચૌદશની વાત છે :

પૂજ્યપાદ શાસનસમ્રાટશ્રીને ૭૭મું વર્ષ પૂરું થવામાં હતું. વળતે દિવસે દીવાળી. દીવાળીબાએ આપ્યા તો દીવાળીના દિવસે લીધાં.

એ ચૌદશે પૂજ્યશ્રીને તાવ આવ્યો. બપોરનો સમય. ભક્તિવંત શ્રાવકોએ ભક્તિથી પ્રેરિત થઈ ડૉક્ટરને બોલાવી લાવ્યા.

ત્રણ-ચાર શ્રાવકો હતા તે દૂર બેઠાં. પૂજ્ય નંદનસૂરિ મહારાજ નજીક હતા.

એક તપેલીમાં ખદખદતું ગરમ પાણી આવ્યું. ઈન્જેક્શન તૈયાર કરવા માટે સોય અને સિરીંજ તેમાં મૂકાયા.

દરમિયાન ડૉક્ટરે તેમને તપાસી લીધાં.

એક નાનકડા ચીપીયા વડે સોય અને સિરીંજ બહાર કાઢ્યા.

પૂજ્યશ્રી આ બધું જોયા કરતાં હતાં. તેમણે જિંદગીમાં ક'દિ ઈન્જેક્શનની સોય શરીરને અડવા દીધી ન હતી. આજે પણ ઈચ્છા ન હતી.

ડૉક્ટરે પૂછ્યું : હાથે કે થાપે ?

પૂછાયું કે તરત જ પૂજ્યશ્રીએ કહ્યું : 'લેવાની ઈચ્છા નથી.'

ડૉક્ટર કહે કે : 'ભલે ! ઈચ્છા હોય તો જ આપવાનું છે.

પૂજ્યશ્રીએ ચહેરા પર હળવાશ લાવી બાજુમાં બેઠેલાં પૂજ્ય નંદનસૂરિ મહારાજને કહ્યું : 'ડૉક્ટર કેવા સારાં છે !'

— પ્રદ્યુમ્નસૂરિ



'સાહેબ ! આપનો એક ફોટોગ્રાફ લેવો છે.' પૂજ્યશ્રી સંથારામાં સૂતાં હતાં. તેઓશ્રીએ 'ના' ફરમાવી. સાથેના સાધુ ભગવંતનો અને શ્રાવકોના આગ્રહથી ધીમે ધીમે બેઠાં થઈ સ્વસ્થ થયા અને ફોટોગ્રાફરે એ પળ ઝીલી લીધી. ત્યારે કોને કલ્પના હતી કે આ પ્રસન્ન મુખારવિંદ ફરી ક્યારેય જોવા નહીં મળે !


'પાઠશાળા' ના આ અંકના સૌજન્યનો સાભાર સ્વીકાર

જ્ઞાન પ્રસારણના સહભાગી

સ્વ. કમળાબહેન ભોગીલાલ આશારામ પરિવાર (માણસાવાળા)

ફોરવર્ડ સ્ટેશનરી માર્ટ અમદાવાદ

પાઠશાળા

પુસ્તક : ૬૬-૬૭

પ્રકાશક : બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી, રમેશ શાહ (સંપાદક)

૭૦૩, નૂતન નિવાસ,ભટાર માર્ગ, સુરત : ૩૯૫ ૦૦૧

Phone: (0261)2240733 & 3054748 Mo: 94271 52203